# કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, સુરત

ચીટનીશ શાખા)મહેકમ(, બી- બ્લોક, ત્રીજો માળ, જિલ્લા સેવાસદન૨-, અઠવાલાઇન્સ, સુરત

**Phone NO.૦૨૬૧-૨૬૬૦૦૨૧, Fax No.૦૨૬૧-૨૬૫૫૭૫૭ Email Id : 40.chitnisest1@gmail.com**
**collector-sur@gujarat.gov.in**

નં.એ/મકમ/૧/ના.મા./બદલી/વશી.૬૭૭૧ થી ૬૭૮૫/૨૦૧૮, તા.૨૬/૧૦/૨૦૧૮

વાંચનમાં લીધુ:-

(૧) અત્રેના હુકમ નં.એ/મકમ/૧/કલાર્ક/બઢતી/ના.મા./વશી.૫૩૧૮ થી ૫૩૩૫/૨૦૧૮, તા.૦૧/૦૯/૨૦૧૮

(૨) સરકારશ્રીનાં સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાક :ઇએલસી/૧૦૧૦/૫૪૨૪/છ, તા.૧૨/૦૩/૨૦૧૮

(૩) સરકારશ્રીનાં મહેસુલ વિભાગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક : બઢત-૧૦૨૦૧૮-૫૨૯-ન.૨ તા.૧૧/૯/૨૦૧૮

(૪) આ કચેરીની ખાતાકીય પસંદગી સમિતિની કાર્યવાહી નોંધ તા.૧૫/૧૦/૨૦૧૮

હુકમ :-

સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરનાં તા.૦૬/૦૭/૨૦૧૩ના ઠરાવથી અચાનક આવેલ કુદરતી આપતિ (ફલડ), મતદારયાદી જેવી અગત્યની કામગીરીઓ માટે કલાર્ક સંવર્ગનાં કર્મચારીઓને તદ્દન હંગામી ધોરણે નાયબ મામલતદારમાં બઢતી આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. જે અન્વયે આમુખ-(૧) માં જણાવેલ અત્રેના હુકમથી અત્રેના મહેકમના કલાર્ક, કલાર્ક કમ ટાઈપીસ્ટ અને ટાઈપીસ્ટ સંવર્ગના પાત્રતા ધરાવતા કર્મચારીઓને કામચલાઉ તદ્દન હંગામી ધોરણે નાયબ મામલતદાર સંવર્ગમાં હુકમમાં જણાવેલ શરતોને આધીન જરૂરી બાંહેધરી મેળવી ના.મા.(ઈઆરસી-ફલડ)ની જગ્યા ઉપર તા.૩૦/૧૧/૨૦૧૮ સુધી અને ના.મા.(એન.એફ.એસ.એ)ની જગ્યા ઉપર તા.૨૮/૦૨/૨૦૧૯ સુધીની મુદ્દત માટે કામચલાઉ હંગામી બઢતી આપવામાં આવેલ છે.

આમુખ-(૨) માં જણાવેલ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરનાં તા.૧૨/૦૩/૨૦૧૮ ના ઠરાવથી મતદાર યાદીની કામગીરી માટે નાયબ જિલ્લા ચુંટણી અધિકારીશ્રીની કચેરી માટે-૦૨, મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરી માટે-૧૬ અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરી માટે-૧૦ સહિત કુલ-૨૮ જગ્યાઓ નાયબ મામલતદાર મતદારયાદીની હંગામી જગ્યા મંજુર થયેલ છે. આ જગ્યાની મુદત તા.૨૮/૦૨/૨૦૧૯ સુધી હંગામી ધોરણે મંજુર થયેલ છે.

આમુખ-(૩) માં જણાવેલ સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરનાં તા.૧૧/૦૯/૨૦૧૮ના પત્ર અન્વયે નાયબ મામલતદાર સંવર્ગનાં ભરતી નિયમોની જોગવાઇ જોતાં Clerk or Typist or Clerk cum Typist or Revenue Talati, Class-III સંવર્ગોનો ફીડર કેડરમાં સમાવેશ કરવામાં આવેલ હોય તથા બંને સંવર્ગોનો રેશીયો હાલ નિયત ન હોય કલેકટરશ્રી ધ્વારા તૈયાર કરવામાં આવેલ સબંધિત સંવર્ગોની પ્રવરતાયાદીનાં આધારે તેઓની નિમણૂંક તારીખને આધાર તરીકે લઇ વિભાગનાં તા.૦૬/૦૭/૨૦૧૩ નાં સમાનાંકી ઠરાવની શરતોને આધિન વિભાગ હેઠળની મુદતી અને મોસમી કામગીરી માટે મંજુર થયેલી અને ખાલી રહેતી નાયબ મામલતદાર સંવર્ગની જગ્યાઓ ઉપર Clerk or Typist or Clerk cum Typist or Revenue Talati, Class-III સંવર્ગને વિચારણામાં લેવા જણાવેલ છે.

આ કામે આમુખ-(૪) માં જણાવેલ વિગતે કલાર્ક, કલાર્ક કમ ટાઈપીસ્ટ અને ટાઈપીસ્ટ સંવર્ગ તથા મહેસુલી તલાટી સંવર્ગમાંથી હંગામી વધુ હંગામી જગ્યા ઉપર કામચલાઉ બઢતી આપવાના કામે ખાતાકીય પસંદગી સમિતિની બેઠકમાં વધારાની પસંદગી યાદી તૈયાર કરવામાં આવેલ છે અને તે મુજબ તદ્દન કામચલાઉ હંગામી ધોરણે હાલને તબક્કે મતદારયાદી તથા ઈઆરસી(ફલડ)ની જગ્યાઓ ઉપર હંગામી બઢતી આપવાની થાય છે. ઈઆરસી(ફલડ)ની જગ્યાઓની મુદ્દત તા.૩૦/૧૧/૨૦૧૮ના રોજ પૂર્ણ થતી હોય, આમુખ-(૧) માં જણાવેલ અત્રેના હુકમથી જે કર્મચારીઓને ના.મા.સંવર્ગમાં ઈઆરસી(ફલડ)ની જગ્યા ઉપર કામચલાઉ હંગામી બઢતી આપવામાં આવેલ છે. જે હુકમમાં જણાવેલ શરતો અને તેઓએ આપેલ બાંહેધરીને આધીન તેમજ પ્રવરતાયાદીને લક્ષમાં લઈ જાહેર હિતમાં વહીવટી કારણોસર તદ્દન હંગામી જગ્યા ઉપર તદ્દન હંગામી ધોરણે ના.મા. સંવર્ગમાં આથી આ બદલીના હુકમ નીચેની વિગતે કરવામાં આવે છે.

હુકમ:-

| અ.નં. | કર્મચારીનુ નામ/હોદ્દો | હાલ કયાં ફરજ બજાવે છે | બદલીથી નિમણૂંક આપતા કચેરીનુ નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | શ્રી ડી.બી.ઈશ્રાણી, ના.મા(ઈઆરસી) | ના.મા (ઈઆરસી), મામલતદાર કચેરી ચોર્યાસી, સુરત | બદલી કરી નિમણૂંક આપતા ના.મા.(મતદારયાદી), મતદાર નોંધણી અધિકારી ૧૬૮-ચોર્યાસી વિધાનસભા મતદાર વિભાગ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ), સુરત ખાતે શ્રી આઈ.જે.પટેલની બદલી કરતાં |

| | | | |
|---|---|---|---|
| ૨. | શ્રી પી.આર.પટેલ, ના.મા(ઈઆરસી) | ના.મા (ઈઆરસી), મામલતદાર કચેરી બારડોલી, જિ.સુરત | બદલી કરી નિમણૂંક આપતા ના.મા.(મતદાર યાદી), મતદાર નોંધણી અધિકારી-૧૫૫ ઓલપાડ વિધાનસભા મતદાર યાદી અને નાયબ કલેકટર ઓલપાડ પ્રાંત, જિ.સુરત-બેઠક વ્યવસ્થા-મામલતદાર કચેરી ઓલપાડ, જિ.સુરત ખાતે શ્રી પી.જી.પટેલની બદલી કરતાં |
| ૩. | શ્રીમતી એન.એમ.પટેલ, ના.મા(ઈઆરસી) | ના.મા(ઈઆરસી), મામલતદાર કચેરી સુરત શહેર પુણા, જિ.સુરત | બદલી કરી નિમણુંક આપતાં ના.મા.(મતદારયાદી), મતદાર નોંધણી અધિકારી -૧૬૧-વરાછા રોડ વિધાનસભા મતદાર મંડળ અને જિલ્લા પુરવઠા અધિકારી, સુરત ખાતે શ્રી એસ.એલ.મેરૂજયની બદલી કરતાં |
| ૪. | શ્રીમતી એચ.સી.સોલંકી, ના.મા(ઈઆરસી) | ના.મા(ઈઆરસી), મામલતદાર કચેરી સુરત શહેર ઉધના, જિ.સુરત | બદલી કરી નિમણુંક આપતાં ના.મા.(મતદારયાદી), મતદાર નોંધણી અધિકારી-૧૬૪-ઉધના વિધાનસભા મતદાર મંડળ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી(પંચાયત)ની કચેરી, સુરત ખાતે શ્રી એન.ડી.પટેલની બદલી કરતાં |

ઉપરોકત હુકમનો તાત્કાલીક અસરથી અમલ કરવાનો રહેશે.

રવાના કર્યુ

ચીટનીશ ટુ ધી કલેકટર, સુરત

સહી/-
(ડો.ધવલ પટેલ)
કલેકટર સુરત

પ્રતિ,
સંબંધિત કર્મચારીશ્રી તરફ
નકલ રવાના :- સંબંધિત કચેરી / અધિકારીશ્રી તરફ
નકલ રવાના :- મામલતદાર કચેરી ..............., જિ.સુરત તરફ
નકલ રવાના :- હિસાબી શાખા, કલેકટર કચેરી, સુરત તરફ
નકલ રવાના :- પ્રમુખશ્રી, ત્રીજા વર્ગ મહેસુલી કર્મચારી મંડળ, સુરત તરફ જાણ સારૂ.